પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫૯ | ૯ મે, ૨૦૧૮, બુધવાર ; વૈશાખ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**૫૦૦ યાત્રીઓ નાથુલાથી માનસરોવર જશે**

કૈલાસ માનસરોવર યાત્રા શરૂ થઈ રહી છે. આ વર્ષે ૧૫૮૦ શ્રદ્ધાળુઓ કૈલાસ માનસરોવર જશે તે પૈકી ૫૦૦ યાત્રીઓ નાથૂલાના સડકમાર્ગે જશે. તાજેતરમાં જ આ માર્ગને ફરી ખુલ્લો મુકાયો છે.

**ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ક્રિકેટ ટીમ જાહેર**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઈંગ્લેન્ડના પ્રવાસે જનારી ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દીધી છે. આઈપીએલમાં શ્રેષ્ઠ પ્રદર્શન બાદ અંબાતી રાયડુ અને સિદ્ધાર્થ કોલને ટીમ ઈન્ડિયામાં સમાવાયા છે.

**દિકરાના લગ્ન માટે લાલુની જામીન અરજી**

ઘાસચારા કૌભાંડ મામલે સજા ભોગવી રહેલા લાલુપ્રસાદ યાદવે દિકરા તેજપ્રસાદ યાદવના લગ્ન માટે ૫ દિવસ માટે જામીન મેળવવા અરજી કરી છે.

**ડોનાલ્ડ ટ્રમ્પ-કિંમ જોગ વચ્ચે બેઠકની સંભાવના**

અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ટ ટ્રમ્પ અને નોર્થ કોરિયાના શાસક કિમ જોંગ ઉન વચ્ચે આગામી જૂન મહિનામાં યોજાનારી દ્વિપક્ષીય બેઠક સિંગાપેરમાં યોજાઈ શકે છે. આ અંગેનો દાવો દક્ષિણ કોરિયાઈ મીડિયા દ્વારા કરવામાં આવ્યો છે.

**દિલ્હીમાં એમ્બ્યુલન્સમાં આગ : બે યુવકનાં મોત**

દિલ્હીના શેખ સરાય વિસ્તારમાં ઉભેલી એક એમ્બ્યુલન્સમાં આગ લાગતાં તેમાં સૂતેલી બે વ્યકિતનાં મોત થયાં હતાં. ત્યારે અન્ય એક વ્યકિત ગંભીર રીતે દાઝી ગઈ હતી.

# કેદારનાથમાં ભારે વરસાદ અને હિમવર્ષા

**શ્રદ્ધાળુઓ અટવાયા : હેલિકોપ્ટરની સેવા પણ ખરાબ હવામાનના લીધે બંધ રહી : ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવત કેદારનાથના દર્શન કર્યા બાદ ખરાબ હવામાનના લીધે અટવાયા : તમામ શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ હજુ પણ અકબંધ**





કેદારનાથ,તા. ૮

ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે ઉત્તરાખંડમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાઈ ગયા છે. કેદારનાથ ધામમાં ઉત્તરાખંડના પૂર્વ મુખ્યપ્રધાન હરીશ રાવત પણ અટવાઈ ગયા હોવાના હેવાલ મળ્યા છે. અતિ ખરાબ હવામાનના કારણે હેલિકોપ્ટરને ઉડાણ ભરવામાં સફળતા મળી રહી નથી. સાથે સાથે વાપસી માટે અન્ય રસ્તા પણ બંધ રાખવામાં આવ્યા છે. હાલમાં હવામાનની સ્થિતીમાં સુધારો થાય તેની રાહ જોવામાં આવી રહી છે. હરીશ રાવતની સાથે સાથે સાંસદપ્રદીપ ટમ્ટા પણ ફસાઈ ગયા છે. અત્રે નોંધનીય છે કે હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં લઈનો કેદારનાથ તરફ જતા શ્રદ્ધાળુઓને સોનપ્રયાગ અને

ગૌરીકુંડમાં રોકી દેવામાં આવ્યા છે. કેદારનાથમાં સતત ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે જનજીવન ઠપ થઈ ગયુ છે. ભારે હિમવર્ષાના કારણે તમામ વિસ્તારોમાં પણ ઈંચ સુધી બરફ

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ સત્તામાં આવશે તો હું વડાપ્રધાન બનીશ : રાહુલ ગાંધી

બેંગલોર,તા. ૮

કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં પૂર્ણ તાકાત લગાવી દેનાર કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે મોટુ નિવદન કરીને તમામને ચોંકાવી દીધા હતા. રાહુલે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૯માં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં તેમની પાર્ટી કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવશે તોતેઓ વડાપ્રધાન બની શકે છે.કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના વર્ષ ૨૦૧૯ની ચૂંટણીમાં પીએમ પદની દાવેદારીના નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં ચર્ચા છેડાઈ ગઈ છે. વર્ષ ૨૦૧૯ ચૂંટણી માટે એજન્ડાને રજૂ કરતા રાહુલ ગાંધીએ સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે તેમની પાર્ટી જો જીતશે તો તેઓ વડાપ્રધાન બની શકે છે. કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી બનશે તો તેઓ માનવા માટે તૈયાર થશે કે કેમ તે મહત્વપૂર્ણ રહેશે. મેનન કહ્યું હતું કે, તેમનો ઉદ્દેશ્ય ભાજપને સત્તા પરથી દૂર કરવાનો રહેલો છે. સીપીઆઈના નેતા ડી રાજાએ કહ્યું છે કે, હાલનો સમય તમામ બિનસાંપ્રદાયિક પક્ષોને એક થવાનો રહેલો છે. તમામને એક ગણતરી સાથે આગળ વધવાની જરૂર છે.

# મોદીને કોંગ્રેસ મુક્ત ભારતનું ભુત છે : સોનિયા

વિજયપુર,તા. ૮

કર્ણાટકમાં ચૂંટણી સંગ્રામમાં પ્રથમ વખત પ્રચાર કરવા ઉતરેલા યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે જોરદાર પ્રહારો કર્યા હતા. ભાષણથી પેટ ભરતા નથી. મોદી જ્યાં પણ જાય છે ત્યાં નફરત ફેલાવતા રહે છે. બીજાપુરમાં ચૂંટણી સભાને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કેન્દ્રની મોદી સરકારે ભારતમાં નંબર વન રાજ્ય તરીકે આગળ વધી રહી છે. કર્ણાટકને નંબર વન બનાવવામાં સરકારની ભૂમિકા છે. બીજી બાજુ ખેડૂતો માટે પણ અનેક યોજનાઓ

**લાંબાગાળા બાદ સોનિયા ગાંધી ચૂંટણી સંગ્રામમાં : મોદી ખુબ સારા વક્તા પરંતુ ભાષણથી પેટ ભરાતા નથી : મોદી જ્યાં જાય છે ત્યાં નફરત ફેલાવે છે**



સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, મોદીને કોંગ્રેસમુક્ત ભારતનું ભુત લાગેલુ છે પરંતુ તેઓ કોઈને પણ ચલાવી શકવાની સ્થિતિમાં નથી. મોદી સારા વક્તા તરીકે છે પરંતુ તેમના સરકાર કર્ણાટકની સાથે ભેદભાવ કરી રહી છે. સિદ્ધારમૈયા અને તેમના સાથીઓના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા જે પગલા લેવામાં આવ્યા છે તે દાખલારુપ છે. કોંગ્રેસ શરૂ કરવામાં આવી છે. સિદ્ધારમૈયા સરકારે ગરીબો માટે ઈન્દિરા કેન્ટીન શરૂ કરી છે જેમાં ગરીબોને ખુબ ઓછા પૈસામાં ભોજનની

● અનુસંધાન પાન-૭ પર

# સિદ્ધારમૈયા સ્લીપ મોડમાં છે અને કોઈ જ કામ કરી રહ્યા નથી : મોદી

**અહંકારમાં ડુબેલી કોંગ્રેસ પાર્ટીને સત્તાથી દૂર કરવા ઉપસ્થિત લોકોને અપીલ કરી : પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરી : નવી યોજનાઓ જાહેર કરી**

વિજયપુર,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકમાં મહાસમયને જીતવા માટે તમામ તાકાત લગાવી દીધી છે. ઝંઝાવતી ચૂંટણી પ્રચારમાં મોદી જોરદારરીતે વ્યસ્ત થઈ ગયા કોપ્પલમાં ખેડૂતો અને ગરીબોના બહાને કોંગ્રેસ પર પ્રહાર કરતા નજરે પડ્યા હતા. મોદીએ કહ્યું હતુ કે, કર્ણાટકના ખેડૂત પાણીને લઈને પરેશાન થયેલા છે અને વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયા



છે. મોદીએ આજે અનેક રેલીઓમાં પ્રચાર કરીને કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ વિજયપુર, કોપ્પલ સહિતના વિસ્તારોમાં જાહેરસભાઓ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી અને તેમના મુખ્યમંત્રી અહંકારમાં ડૂબેલા છે પરંતુ પ્રજા તેમને સત્તામાંથી ફેંકી દેશે. મોદીએ

સ્લીપમોડમાં છે. કંઈ પણ કરી રહ્યા નથી. કોંગ્રેસ પાર્ટીને ફેંકી દેવા માટે મોદીએ અપીલ કરી હતી. મોદીએ જનસભાને સંબોધતા કહ્યું હતું કે, તેઓ પોતાની માતાને લાકડા પર ભોજન બનાવતા જોયા છે. માતા પરેશાની ઉઠાવે છે પરંતુ બાળકોને ભોજન કરાવે છે. આવી સ્થિતિમાં તેઓએ નક્કી કર્યુ હતુ કે, ગરીબથી ગરીબ માતાને પણ લાકડાના ચુલામાંથી મુક્તિ અપાવવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે, ભીષણ ગરમીમાં ખેડૂતોની સિંચાઈની વ્યવસ્થા માટે રાજ્ય સરકાર કામ કરી રહી નથી. ખેડૂતો પાણી માટે પરેશાન થયેલા છે. તેમણે કહ્યું હતુ કે, તેઓએ મન કી બાત કાર્યક્રમમાં મલ્લમાનો એક વખતે ઉલ્લેખ કર્યો હતો. આ નાનકડી બાળકીએ શૌચાલય માટે જીદ પકડી હતી અને સમગ્ર દેશને રસ્તો બતાવ્યો હતો. લાલ કિલ્લા પરથી જયારે તેઓએ સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરી ત્યારે નામદાર લોકોએ આની મઝાક ઉડાવી હતી. જે લોકો સોનાની ચમચી લઈને જન્મ્યા છે તેમને ગરીબી અંગે જાણ હોઈ શકે નહીં. ગરીબો પ્રત્યે તેમની સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. કોંગ્રેસની સરકારને ભ્રષ્ટાચાર કરવાથી સમય મળતો નથી જેથી તે ખેડૂતોની ચિંતા કરતી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, બીએસ યેદીયુરપ્પાના નેતૃત્વમાં ખેડૂતોની સરકાર બનાવવાની જરૂર છે.

# સોનમ કપૂર અને આનંદના પરંપરા મુજબ જ લગ્નગ્રંથિથી જોડાયા

**બોલીવુડમાં તમામ હસ્તીઓ લગ્નમાં હાજર : બાંદરા સ્થિત હેરિટેજ બંગલામાં લગ્નનું આયોજન કરાયું સોનમના વિડિયો પણ જારી : સાંજે ભવ્ય રિસેપ્શન થયું**



મુંબઈ,તા. ૮

સોનમ કપૂર અને આનંદ આહૂજા એકબીજાના થઈ ચુક્યા છે. આજે તેમના લગ્ન થઈ ગયા હતા. સોનમ પોતાના સાથી આનંદની સાથે નવી જિંદગી શરૂ કરી ચુકી છે. તેમના લગ્ન આજે સવારે સીખ પરંપરા મુજબ થયા હતા. લગ્નમાં સામેલ થવા માટે તેમના પરિવારના સભ્યો ઉપરાંત બોલીવુડમાંથી તમામ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સોનમ અને આનંદના લગ્ન તેમના સંબંધી કવિતાસિંહના બાંદરા સ્થિત હેરિટેજ બગલા ઉપર થયા હતા. લગ્નને લઈને અહીં જોરદાર આયોજન કરવામાં આવ્યું હતું. તેમના આનંદ બાગ મહેમાનો માટે લંચની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સોનમના ચાહકો માટે એક વિડિયો પણ ઈન્સ્ટાગ્રામ પર મુકવામાં આવ્યો છે જેમાં તેમના ભાઈ અર્જુન કપૂર અને હર્ષવર્ધન તેને લાવતા નજરે પડે છે. સાંજે સોનમ અને આનંદના લગ્નને લઈને ભવ્ય રિસેપ્શનનું આયોજન કરાયું હતું જેમાં બોલીવુડની તમામ હસ્તીઓ પહોંચી હતી.

લગ્નમાં કરીના કપૂર, કરિશ્મા કપૂર, સૈફ અલી, સ્વરા, કરણ જોહર, અભિષેક બચ્ચન, શ્વેતા નંદા, જેકલીન ઉપસ્થિત રહી હતી. આ ઉપરાંત અર્જુન કપૂર, જહાનવી, સંજય કપૂરના પરિવારના સભ્યો પણ હતા. રવિવારના દિવસે મહેંદીની રસમ હતી. સોમવારના દિવસે સંગીતનું આયોજન કરાયું હતું જ્યાં બંનેના પરિવારના સભ્યો પહોંચ્યા હતા. આ લગ્નને લઈને છેલ્લા ઘણા સમયતી તૈયારીઓ ચાલી રહી હતી. સંગીત કાર્યક્રમમાં બંનેના પરિવારના સભ્યો ઝૂમતા નજરે પડ્યા હતા.

# સીજેઆઈ મહાભિયોગની અરજી સુપ્રીમે ફગાવી

**પોતાની જ અરજી પાછી ખેંચી !!! : જસ્ટિસ એ. કે. સિકરીની અધ્યક્ષતાવાળી ૫ સભ્યોની બેન્ચે નિર્ણય આપ્યો**

ન્યુ દિલ્હી,તા.૮

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ (CJI)દીપક મિશ્રા સામે રાજ્યસભામાં મહાભિયોગ નોટિસને રદ કરાયેલ પડકાર આપનારી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. આ અંગે આજે મંગળવારે સુનાવણી થઈ હતી. પાંચ જજોની બેંચ આ અરજી પર સુનાવણી કરવાના હતાં પરંતુ કોંગ્રેસ સાસંદોએ પોતાની અરજી પાછી ખેંચી લીધી છે. સાંસદો તરફથી રજુઆત કરતાં વકીલ કપિલ સિબ્બલે સવાલ ઉઠાવતાં કહ્યુંકે, આ મામલે સુનાવણી કરવા માટે પાંચ જ્જોની બેન્ચ બનાવવા માટેનો આદેશ કોના દ્વારા આપવામાં આવ્યો છે.

મંગળવારે સવારે પાંચ જ્જોની બેન્ચ સામે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેના પર સિબ્બલે કહ્યું કે, આ બેન્ચની રચના કોના કેવા પર કરવામાં આવી છે. અમને આ નિર્ણય માટેની ચોક્કસ કોપી જોઈએ છે. અમે તે આદેશને પડકારવા માંગ્યે છે.

## કોના ઈશારે અમારી અરજી બંધારણીય બેંચમાં પહોંચી

**કપિલ સિબ્બલે વેધક પ્રશ્નો ઉઠાવતા વિવાદ**

નવીદિલ્હી, તા. ૮

ચીફ જસ્ટિસ પર મહાભિયોગના પ્રસ્તાવને મંજુરી આપવાની કોંગ્રેસની માંગવાળી અરજીને બંધારણીય બેંચને ટ્રાન્સફર કરવામાં આવ્યા બાદ વિવાદ વધુ ઘેરો બની ગયો છે. મહાભિયોગ પ્રસ્તાવને લઈને કોંગ્રેસે વેધક પ્રશ્ન કરતા કહ્યું છે કે, કોના આદેશ ઉપર અમારી અરજીને બંધારણીય બેંચ પાસે મોકલવામાં આવી હતી. કોંગ્રેસ પાર્ટીએ તેમની અરજીને બંધારણીય બેંચને મોકલી દેવામાં આવ્યા બાદ પોતાની અરજીને પાછી ખેંચી લીધી છે અને સાથે સાથે પ્રશ્નો પણ ઉઠાવ્યા છે. કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલે કહ્યું છે કે, અમે જાણવા ઈચ્છતા હતા કે આખરે રાતોરાત અરજીને બંધારણીય બેંચને ટ્રાન્સફર કરવા અંગેનો નિર્ણય કોના દ્વારા કરવામાં આવ્યો હતો. બેંચ ઉપર પ્રશ્નો ઉઠાવીને કોંગ્રેસે પોતાની અરજી પરત ખેંચી લીધી છે. તેમણે કહ્યું કે, કલમ ૧૪૫(૩) હેઠળ જો કોઈ કોર્ટને લાગે કે કાયદાની પરિભાષ બંધારણ સાથે જોડાયેલી છે તો સુનાવણી પાંચ જજની સમક્ષ પહોંચે છે. આ ન્યાયિક આદેશ નથી. અમે જાણવા માંગીએ છીએ કે આ આદેશ કોના તરફથી જારી કરવામાં આવ્યો છે.

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
સિદ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર

શિસ્ત...સંસ્કાર...ઘડતર અને સચોટ શિક્ષણનો સમન્વય એટલે
ગ્રામ-સેવા મંદિર સંચાલિત શિક્ષણ સંકુલ (ગ્રાન્ટેડ સંસ્થાઓ)
નારદીપુર તા.કલોલ, જી.ગાંધીનગર
ધો.૯,૧૧ અને ૧૨ (સામાન્ય પ્રવાહ)માં બહેનોને મફત પ્રવેશ
(૧) અનુસુચિત જાતિ (SC) હિન્દુ વણકર, પરમાર, ચમાર, વાલ્મીકી, હાડી, નાડી, સેનમા કે એસ.સી. જાતિમાં સમાવિષ્ટ તમામ.
(૨) બક્ષીપંચ જાતિ (OBC) ઠાકોર, દેસાઈ, ન્યાયી, ચૌધરી, બારોટ, ભરવાડ વગેરે બક્ષીપંચમાં સમાવિષ્ટ જાતિઓની તમામ બહેનો.
(૩) વિચરતી જાતિ (NTDNT) વૈબાવા, નાયક, શ્રીમાળી કે અસ્થાયી રીતે રહેતી હોય તેવી જ્ઞાતિમાં સમાવિષ્ટ બહેનો માટે સમાજ કલ્યાણ દ્વારા ગ્રાન્ટેડ છાત્રાલયોની સગવડ
બહેનોને રહેવા માટેનું છાત્રાલય અને શાળા એકજ શંકુલમાં
જૂજ જગ્યાઓ ખાલી હોવાથી પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે
જાહેર રજા અને રવિવારના દિવસ સિવાય સમય : ૯.૩૦ થી ૪.૩૦ નો છે
ગ્રામ-સેવા મંદિર કાર્યાલય, જી.ઈ.બી.બોર્ડની સામે, કલોલ-માણસા રોડ, મુ.નારદીપુર, તા.કલોલ. ફોન : (૦૨૭૬૪) ૨૬૯૮૨૮ - ૨૮૯૫૧૬ (૧૧૪ એક્ષ્ટેંશન નં.)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય